# લેબોરેટરી તથા એક્સ–રે ટેકનીશીયનના તાલીમ અંગેની સુચનાઓ

અરજદારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૫/૧૨/૨૦૨૦ રોજ ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબ સાઇટ પર મુકવામાં આવેલ નિયત નમુના પ્રમાણે અરજી કરવાની રહેશે. તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોંટાડવાનો રહેશે. અધૂરી તેમજ મોડી આવેલ અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

અરજી પત્રક સાથે એચ.એસ.સી, બી.એસ.સી. ના તમામ વર્ષની તથા તમામ સેમિસ્ટર/વર્ષના માર્કશીટની નકલો, ટ્રાયલ સર્ટિફીકેટ તથા એચ.એસ.સી. અને બી.એસ.સી.ના પાસીંગ પ્રમાણપત્ર, જન્મના પુરાવા માટે સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની પ્રમાણીત નકલો બીડવાની રહેશે. અરજીમાં પોતાનું ઇ–મેલ આઇ.ડી. અને ફોન નંબર દર્શાવવા જરૂરી છે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રીએ માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના પ્રમાણપત્રની નકલ તેમજ EWS નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે. અધુરી આવેલ અરજી રદબાતલ ગણાશે અને તેમની પાછળથી આવેલ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

ઉક્ત તાલીમમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૬/૧૧/૨૦૨૦થી તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ સાંજના ૦૫.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે તમામ પ્રમાણપત્રોની નકલ સહિત અરજીઓ મંગાવવામાં આવે છે. લેબોરેટરી ટેકનીશીયનના તથા એક્સ–રે ટેકનીશીયન કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા હોય તો તેઓએ અલગ અલગ અરજી કરવાની રહેશે. સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલ સુધારાવધારા દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે. લેબોરેટરી ટેકનીશીયન કોર્ષના પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૧૭/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ–રે ટેકનીશીયન કોર્ષના પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ ૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઑડીટોરીયમ હોલ ખાતે રાખેલ છે. ઇન્ટરવ્યુ માટે ઉમેદાવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.

ઇન્ટરવ્યુના દિવસે બધા જ અસલ પ્રમાણપત્રો લઇને આવવાનું રહેશે તેમજ અસલ પ્રમાણપત્ર નહી લાવનારની ઉમેદવારી આપો આપ રદ ગણાશે.

પસંદગી પામેલ ઉમેદવારે તા.૨૧/૧૨/૨૦૨૦ થી તા.૨૮/૧૨/૨૦૨૦ સુધી દિન–૦૮માં કોર્ષમાં જોડાવાનું રહેશે. સમયમર્યાદા પછી આ જગ્યા પર તેઓનો કોઇપણ હક્ક દાવો રહેશે નહી. જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં નહી જોડાય તો તેઓની જગ્યા તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને ફાળવવામાં આવશે.

ખાતાકીય ઉમેદવારો માટે ૫૦(એમ.એલ.ટી), ૨૫(એક્સ–રે) બેઠકો હોય આ બેઠકો પર ખાતાકીય ઉમેદવારો નહી મળે તો આ જગ્યાઓ ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી મળ્યેથી આ બેઠકો સીધી ભરતીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

વધુમાં સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે, તે દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**ખાસ નોંધ:–** હાલમાં ચાલતી કોરોનાની મહામારીને કારણે કોવીડ–૧૯ની ગાઇડલાઇન મુજબ સોશ્યલ ડીસ્ટન્સનું પાલન તેમજ માસ્ક પહેરવું ફરજિયાત છે.

ડીન
બી.જે.મેડીકલ કોલેજ
અમદાવાદ